રે.મુ.નં. ૧૪ /૨૦૨૨

આંક ૫ હેઠળ હુકમ

1. વાદી તરફે દાવો દાખલ કરી હાલની અરજી સી.પી.સી. ઓ. ૩૯ રુલ (૧)(૨) મુજબ દાવાના દરમ્યાન દાવાવાળી મિ્લ્કતના અનુસંધાને પતીવાદી સામે માંગણી કરેલ છે અરજીના અનુસંધાને પ્રતીવાદી પ્રાથમીક સુનવણીના તબક્કે અરજી અનુસંધાને પ્રતીવાદીને નોટીસ બજી જતા તેઓ તેમના વકિલ શ્રી મારફતે હાજર થયેલ છે અને પ્રતીવાદીએ અને પ્રતીવાદી્એ દાવા તથા મનાઇ અરજીનો જવાબ આંક-૧૭ થી આપેલ ચહે અને વાદીએ આંક-૨૦ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે.
2. હાલની અરજીની ટુકી હકીકત એવી છેકે, વાદીએ દાવાવાળી મીલ્કત તેઓની તથા પ્રતીવાદીઓ ની સંયુકત માલીકી વાળી આવેલ હોવાનુ જનાવી તેમાં વાદીઓનો ૧/૨ હીસ્સો હોવાનુ જનાવી તેમા ૧/૨ હીસ્સાની માંગણી વાદીએ કરેલ છે. અને તેમની દાવા અરજના પેરા ૮ માં જણાવચા મુજબ હીસ્સા તેઓ ખેડતા આવેલ અને પ્રતીવાદી વધુ ભાગ પડાવવા ઝગડો તકરાર કરે છે. અને વાદીનુ મકાન પણ પ્રતીવાદીએ પડાવી લીધેલ છે. અને શેઢા પણ તોડી નાખેલ અને પોલીસ કેસ થયેલ જેથી હાલનો દાવો કરી હાલની અરજી પ્રતીવાદીઓ દાવાવાળી મીલ્કતમા તેમના માણસો, વાલી વારસો મારફતે કબજા અડચણ,હેલો હરકત અવરોધ કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમની માંગણી વાદીએ કરેલ છે.
3. જે દાવા અરજી તેમજ મનાઇ અરજીનો જવાબ પ્રતીવાદી નં. ૨ થી ૧૦૧૨,૧૪ થી ૨૦એ આંક ૧૭ થી આપેલ હતો. જે જવાબમા પ્રતીવાદીઓએ વાદીની દાવા તથા મનાઈ અરજીની હકીકતોનો ઈન્કાર કરી ખરી હકીકતે જણોવેલ હતુ કે, રે.સ.નં. ૬૪૬ ની જમીન કોઇ સ્થળે આવેલ નથી, અને પંચકયાસમાં વાંધો પ્રતીવાદીએ ઉઠાવેલ છે.અને વાદીએ બીજી કીમતી જમીન આપવી ના પડે જેથી હાલનો ખોટો દાવો કરેલ છે. અને રે.સ.નં. ૯૫૬ સીવાચ બાકી બધી જમીન ૧/૨ હીસ્સે વહેંચાઇ ગયેલ છે.અને વાદીઓએ તેમના હીસ્સામાં જુનુ મકાન બનાવેલ છે. તે દુર કરેલ નથી અને ખોટી હકીકતો જણાવી હાલની ફરીયાદ કરેલ છે. તેમ જનાવી વાદીની દાવા અરજીની હકીકતો નો ઈન્કાર કરી હાલની અરજી રદ્ કરવા જણાવેલ છે.

મુદ્દા ઓ

૧. શુ વાદી નો પ્રથમ દર્શનીચ કેસ છે?

૨. શુ બેલેન્સ ઓફ કન્વિનિયન્સ વાદીના લાભ મા છે ?

૩. શુ માગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવામા આવાથી વાદીને નાણાથી ભરપાઈ ના થાય તેવુ નુકશાન થાય તેમ છે?

૪. શુ હુકમ

ઉપરો્કત મુદદાઓના નીરણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ

ઉપરોક્ત નિર્ણયના મારા જવાબ નીચે મુજબ છે

કારણો

4. મુદ્દા નં. ૧ થી ૪ અંગે હકીકતની દ્રસ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોવાથી હકિકતોનુ પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એકબીજા સાથે કરવામા આવેલ છે.સદર કામે વાદી એ હાલનો દાવો દાખલ કરેલ છે. અને આંક ૫ ની મનાઇ હુકમની અરજી રજુ કરી દાદ માંગેલ છેકે, વાદીને પ્રતીવાદી ખેતીકામ કરતા , ઉપજ લેતા તેઓ જાતે કે તેમના એજન્ટો મારફતે રોકે રોકાવે નહી કે હરકત હેલો કરે કરાવે નહી. તેમજ કોઇ પ્રકારની ધાક ધમકી આપે અપાવે નહી તેમજ કોઇ પણ પ્રકારની અટકાયત, અડચણ, અવરોધ, કરે કરાવે નહી તેમજ દાવાવાળી જમીનનો કબજો લે લેવડાવે નહી . તેવો કામચલાઉ મનાિ હુકમ અપાવવા અરજ ગુજારેલ છે.

એ સર્વ સામાણય સિન્ધાન્ત છેકે, કામચલાઉમનાઇ હુકમ એ સામાન્ય દાદ ચહે, અને સમન્યાય દાદ મેળવવા માગતી વ્યકતી કોર્ટ રુબરુ ચોખ્ખા હાથે આવવુ જોઇએ તથા રેકર્ડ પર ત્રણ વસ્તુઓ તેમની તરફેણમા સાબીત કરવાની રહે છે. સર્વ પ્રથમ વાદીએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છેકે, તેઓનો પ્રથમ દર્શનીય કેસ છે . પરંતુ પ્રથમ દરર્શનીય કેસ તેમ માત્ર સીધ્ધ કરવાથી વાદી આપો આપ કામ ચલાઉ માનઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પર્તુ વાદીએ ત્યાર બાદ એ હકિકત સંતોષકારક રીતે સીધ્ધ કરવાની રહે છેકે, સગવડતા અગવડતાનિ સમતુલા વાદીની તરફેણમા છે. મનાઈ હુકમ આાપવામા ન આાવે તો સમા પક્ષ કરતા વાદીને વદહુ આાર્થીક નુકસાન થાય તેમ છે . તે નુકશાન નાણાથી પણ ભરપાઇ ન થાઇ શકે તેવુ નુકશાન છે. આા ઉપરાત કોર્ટે પક્ષકારોની વર્તણુંક તથા ડીલે લેચીઝની હકિકતો પણ ધ્યાને લેવાની રહે છે. વધુમા કોર્ટે કામચલાઉ મનાઇ હુકમની અરજી નક્કી કરતી વખતે એ હકિકત પાન ધ્યાને લેવાની રહે છેકે, કામ ચલાઉ મનાઇ હુકની દાદનો મુખ્ય ઉદ્દેશ

પક્ષકારો વચ્ચેની તકરાર નો નીકાલ ન થાય ત્યાસુધી દાવાની વીષય વસ્તુ યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો છે એટલે  કામ ચલાઉ મનાઇ હુકમની દાદ ના તબક્કે આપવામા આવતી દાદ દાાવાની આખરી દાદના સ્વરુપની ન હોવિ જોઇએ કારણકે , આખરી દાદ દાાવાના અંતે આપી શકાય અથવા  પણ આપી શકાય .જ્યારે પક્ષકારો પોતે પોતાનો હક્કો અંગે લડતા હોય તેમણે પોતાના હક્કો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાલાની દાદ સાથે મંજુર થઇ જતો હોય તેવી દાદ પણ આાપી શકાય નહી. તેમજ મનાઇ હુકમની અરજી નક્કી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છેકે, પ્રતીવાદીને કાયદાથી  મળેલ અધીકારોમા અંતરાય કરવુ એ ખુબ જ ગંભીર બાબાત છે. અને મનાઇ હુકમનો કોઇ નિર્ણય કરતા પહેલા , અન્ય પક્ષકારોને થનાર નુકશાન  અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે . આ તમામ સંજોગોને ધ્યાને લઇ મનાઇ હુકમ આાપતી વખતે કોર્ટે તેની વિવેકાધીન સત્તા નો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો રહે ચહે વધુમા મનાઇ હુકમ એ કોઇ દ્વારા  કરવામા આવતા ચોક્કસ  કૃત્યને અટકાવવાનો હુકમ છે. વળી મનાઇ હુકમ એ સમન્યાયી દાદ છે . વળી મનાઇ હુકમ માંગનાર વ્યકતીએ અદાલતને સંતોષ થાય તે રીતે બતાવવુ પડે.

૧. દાવામા મહત્વના અને ગંભીર પ્રશ્નની ઇન્સાફી કાર્યવાહી થાાય અને હકિકતનો નિર્ણય થાાય તેવી સંભાવના છે. વાદી અને પક્ષકાર તેમા સફળ થાયતેવી પુરેપુરી શક્યતા છે.

૨. મનાઇ હુકમ માંગનાર વ્યકતીના હક્કોના રક્ષણ માટે કોર્ટનો હસ્તક્ષેપ કરવો જરુરી છે. જેથી પોતાના હક્કો સ્થાપીત કરવામા સફળ થાય.

૩.  જો મનાઇ હુકમ માંગનાર વ્યકતીને કામ ચલાઉ મનાઇ હુકમ  આપવામા ન આાવે તો, તે વ્યકતીને નાણાથી પણ ભરપાઇ ન થઇ શકેતેવુ  નુકશાન થવાની સંભાવના છે.

વધુમાં કામ ચલાઉ મનાઇ હુકમ ની માંગણી  મંજુર કરવી કે, તેનો ઇન્કાર કરવો તે  કોર્ટની વિવેક બુદ્ધી ઉપર આધાર રાખે છે  જેતે કિસ્સાના સંજોગો અને હકિખત તથા મનાઇ હુકમથી થતી અનુકુળ  તથા પ્રતીકુળ અસરો ધ્યાને લઇ કોર્ટે પોતાનિ  વિવેકબુદ્ધીની અનુસાર અરજી ઉપર હુકમ કરવાનો રહે છે. તે ઉપરાંત કામચલાઉ મનાઇ હુકમ મેળવવા વાદી પોતનો પ્રથમ દર્શનીય કેસ તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ઉપરાંત પોતે પોતાના નાણાથી ભરપાઇ ન થઇ શકે તેમ પણ છે. તેવુ પણ બતાવવુ જરુરી છે.

5. આ કામે વાદિ નો પ્રથમ દર્શનીય કેસ છેકે કેમ તે અંગે ચર્ચા કરવામા આવે તો, વાદીનો હાલનો દાવો વહેંચણી નો દાવો છે.જેમા વાદી તેમજ પ્રતીવાદીઓના નામો દાવા સાથે રજુ રેવન્યુ રેકર્ડમા જનાઇ આવે છે. આમ, દાવાવાળી મિલકત સયુકત માલિકી કબજા ભોગવટાની વણવહેચાયેલી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.

આમ ઉપરોકત તમામ ચર્ચા તથા વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલા પ્લીડીગ્સ અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો, આ કામના વાદીઓનો કેસ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્ધારા પ્રસ્થાપીત સીન્ધાંત જોવામાં આવે તો, No injunction can be granted in favour of a co-sharer and against other cosharer of an undivided property except (a) against ouster or eviction of co-sharer by co-sharer ,(b) against construction or demolition of undivided property, (c) against transfer or sale etc. of undivided immovable property. Gangubai Vs. Sita Ram, AIR 1983 SC 742. આમ, સંયુકત દાવાવાળી મીલ્કતો બાબતે વાદીએ કબજો હોય અને ઉપરોક્ત ના. સર્વોચ્ચ અદાલતે જણાવેલ ચુકાદા મુજબ તેમનો કબજો હોય અને તે જતો રહેતો હોય બાંધકામ કે તે દુર કરવા અને તબદીલ ન થાય તે માટે જ બીજા સહ હીસ્સેદાર વિરુધ્ધ મનાઇ હુકમ ફરમાઇ શકાય હાલના દાવામાં બંન્ને પક્ષકારોએ એક બીજાની જમીન ઉપર મકાન બનાવી રહેલ હોવાનુ તેમની પ્લીડીંગમાં જણાવેલ છે. પરંતુ પંચક્યાસ જોવામા આવે તો તેમા બની ગયેલ મકનાો જનાઇ આવે છે. અને વાડ પણ જનાઇ આવે છે. આમ, હાલના કામે કોઇ પણપક્ષકારને મનાઇ હુકમ ફરમાવવામાં આવે તો, તેની સામે બીજા પક્ષકારના કાયદેસરના વાપર ઉપયોગ ના હક્ક અધીકારો માર્યા જાય તેમ છે. જેથી વાદીને માંગ્યા મુજબની મનાઇ હુકમની દાદ મળી શકે નહી.

વધુમાં વાદીનો પ્રથમ દર્શનીય્ર કેસ હોવો પણ જરુરી છે. વાદી દાવાવાળી મીલ્કતના કોઇ ચોક્કસ ભાગમાં કબજો ધરાવે છે, અને તે રક્ષીત કરવો જરુરી છે. તેમ પ્રથમ દર્શનીય રીતે વાદી સાબીત કરી શકેલ નથી. અને તમામ પક્ષકારોનો હીત પણ દાવાવાળી મીલ્કતમાં સમાયેલ હોવાથી સગવડ અગવડની સમતુલા પણ વાદીની તરફેણમાં કહી શકાય નહી કારણકે તે પ્રતીવાદીના દાવાવાળી મીલ્કતમાં રહેલ હક્કો

પણ અસર કરે છે. જેથી મુદ્દા નં. ૧,૨ નો ઉત્તર નકારમાં હોવાનુ અત્રેની અદાલતનુ નમ્ર પણે માનવુ છે.

જેથી મુદ્દા નં. ૧ થી ૩નો  જવાબ નકારમા આપી મુદ્દા નં. ૪ અન્વયે નિચે મુજબનો આખરી હુકમ ફરમાવમા આવે છે.

હુકમ

૧. વાદીની આંક ૫ ની અરજી નામંજુર કરવામા આવે છે.

૨. અરજીનો ખર્ચ દાવાના આખરીહુકમને અનુસરશે.

આ હુકમ આજ રોજ તા. ૧૨ માસ જુન સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કરવામા આવે છે.

ગરબાડા

તા ૧૨/૦૬/૨૦૨૬

(રોહીત હરમાનભાઇ સોલંકી)
જજકોડ નં. જીજે૦૧૬૩૩
પ્રીન્સી.સીવીલ જજ,
તા. ગરબાડા, જી. દાહોદ